# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 03-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- રાષ્ટ્રપતિનાં અભિભાષણ પર ચર્ચાનાં જવાબમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, એનડીએ સરકાર તેની ત્રીજી મુદતમાં વધુ ગતિથી કામ કરશે
- હાથરસમાં સર્જાયેલી ભાગદોડની દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 121 થયો
- નવી દિલ્હીમાં ગ્લોબલ એઆઇ સમિટનો પ્રારંભ – ભારત 10 હજાર કરોડ રૂપિયા ના ખર્ચે એઆઇ મિશન શરૂ કરશે.
- સેન્સેક્સે પ્રારંભિક ટ્રેડિંગમાં 80,000ની સપાટી વટાવી: નિફ્ટીએ પણ નવી સપાટી બનાવી
- તુલકારમ શહેરમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ચાર પેલેસ્ટાઇની નાગરિકોનાં મોત
- ટી 20 વિશ્વકપ જીતનારી ભારતીય ટીમ બાર્બાડોસથી આવતી કાલે સવારે નવી દિલ્હી પહોંચે તેવી સંભાવના

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# *RS-PM ADDRESS*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના સંયુક્ત ગૃહોને કરેલા સંબોધનના આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, ત્રીજી મુદતમાં એનડીએ સરકાર વધુ ઝડપથી કામ કરશે. 10 વર્ષમાં દેશનું અર્થતંત્ર પાંચમાં ક્રમે આવ્યું છે અને વિવિધ કૃષિ યોજનાઓને કારણે ખેડૂતોને ખેતીમાં લાભ થયો છે.

પ્રધાનમંત્રી ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે વિરોધ પક્ષોએ સૂત્રોચ્ચાર કર્યો હતો.,

અગાઉ, ગૃહે ગઇ કાલે હાથરસમાં કરુણ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોને શ્રધ્ધાંજલિ આપી હતી. સભાપતિ જગદીપ ધનખડે જણાવ્યું કે, આ ઘટના દુખદ અને કમનસીબ છે. તેમણે જણાવ્યું કે, ઇજાગ્રસ્તોને મેડિકલ સહાય આપવા તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આ પ્રકારની ઘટનાઓ અટકાવવા કાયદો ઘડવા સૂચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહ મંત્રીએ હાથરસ ઘટના અંગે નિવેદન કરવું જોઇએ.

આ અંગે સભાપતિએ જણાવ્યું કે, વિરોધ પક્ષનાં નેતાએ આ મહત્વનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું કે, આ પ્રકારની ઘટનાઓ બનતી અટકાવવા સત્તાપક્ષ અને વિરોધ પક્ષ સાથે મળીને ઉકેલ લાવે એ તંદુરસ્ત પરંપરા છે.

અગાઉ, ગૃહની કાર્યવાહી શરૂ થતાં દિવંગત સાંસદોને શ્રદ્ધાંજલી આપીને મૌન પાળવામાં આવ્યું હતું.

.................

# *BJP-RAHUL GANDHI*

દિલ્હીમાં ભાજપે આજે રાહુલ ગાંધીની વિરૂધ્ધમાં પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં ચોક્કસ સમુદાય અંગે કરેલી કથિત ટિપ્પણીનાં વિરોધમાં દેખાવો કર્યા હતા. માધ્યમો સાથે વાત કરતા, ભાજપના દિલ્હીના સાંસદ બાંસુરી સ્વરાજે કથિત રીતે બેજવાબદાર નિવેદન કકરવા બદલ શ્રી ગાંધી પર પ્રહારો કર્યા હતા.

તેમણે આક્ષેપ કર્યો હતો કે શ્રી ગાંધીએ તુષ્ટિકરણની રાજનીતિને પ્રોત્સાહન આપવા માટે નિવેદન આપ્યું હતું.

જો કે, શ્રી ગાંધીએ આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તેમની ટિપ્પણીઓ ભાજપ માટે છે, કોઈ ચોક્કસ સમુદાય માટે નહીં.

.................

## *HATHRAS STAMPEDE*

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લાના એક ગામમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન થયેલી નાસભાગમાં મૃત્યુઆંક વધીને 121 થયો છે. જે હજુ પણ વધવાની શક્યતા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા લોકોની મુલાકાત લીધી હતી અને તપાસના આદેશ આપ્યા છે.

આગ્રા ઝોનના એડીજીના અધ્યક્ષપદે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે 24 કલાકમાં તેનો અહેવાલ રજૂ કરશે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આ કરૂણ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રીએ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોનાં નજીકનાં સગા માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ અને ઇજાગ્રસ્તને રૂપિયા 50 હજારનું વળતર આપવાની જાહેરાત કરી છે.

.................

## *DAY-GLOBAL INDIA AI SUMMIT*

ઈલેક્ટ્રોનિક અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ AIની સંભવિતતાનો ઉપયોગ કરવાનો ભારતનો અભિગમ ટેક્નોલોજીનું લોકશાહીકરણ કરવાનો છે. આજે નવી દિલ્હીમાં ગ્લોબલ ઈન્ડિયા એઆઈ સમિટનું ઉદ્ઘાટન કરતાં શ્રી વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેકનોલોજી દરેક માટે સુલભ હોવી જોઈએ. વધુમાં તેમણે 10 હજાર

કરોડ રૂપિયાના ખર્ચે સરકાર ટૂંક સમયમાં ઈન્ડિયા એઆઈ મિશન શરૂ કરશે તેમ જણાવ્યુ હતું. જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા 10 હજાર કે તેથી વધુ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ જીપીયુના AI કમ્પ્યુટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ તેમજ AI ઇનોવેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે તેમ પણ તેમણે કહ્યું હતું. શ્રી વૈષ્ણવે AI ને નિયમન કરવા માટેના કાયદા પર કામ કરાઇ રહ્યું હોવાનું જણાવ્યુ હતું.

જાપાનના મંત્રી હિરોશી યોશિદા, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી સહિત નાસકોમના પ્રમુખ અને ઓપન એઆઈના ઉપાધ્યક્ષે ઉદ્ઘાટન સત્રમાં વક્તવ્ય આપ્યું હતું.

બે દિવસીય સમિટમાં AI એપ્લિકેશન, ગવર્નન્સ અને ટેલેન્ટને પ્રોત્સાહન અને AI નવીનતાઓને સ્કેલિંગના નિર્ણાયક પાસાઓમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે વિવિધ સત્રો યોજાશે.

.................

## *TELANGANA-PRISONERS*

તેલંગાણાની ચેરલાપલ્લી જેલમાંથી 213 કેદીઓને આજે મુક્ત કરવામાં આવશે. રાજ્ય સરકારે આ કેદીઓને માફી આપી છે. મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીએ લાંબા સમયથી જેલમાં બંધ કેદીઓના પરિવારજનોની અરજી પર આ નિર્ણય લીધો છે. તેમણે અધિકારીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાના આધારે આઅ કેદીઓની વહેલી મુક્તિની શક્યતાઓ તપાસવાનો આદેશ આપ્યો હતો. સત્તાવાર અહેવાલ મુજબ, વરિષ્ઠ અધિકારીઓએ અરજીઓની તપાસ કરીને ઉચ્ચ સ્તરીય સમિતિને મુક્તિ માટે પાત્ર કેદીઓની વિગતો આપી હતી. સમિતિએ કેદીઓની યાદી કેબિનેટને મંજૂરી માટે મોકલી હતી. કેદીઓના નામોની યાદી પર રાજ્યપાલની સંમતિ મળ્યા બાદ, રાજ્ય સરકારે ગઈકાલે મોડી સાંજે માફી આપવા સંબંધિત આદેશ આપ્યા હતા. આદેશ અનુસાર આજે મોડી રાત્રે 213 કેદીઓને મુક્ત કરવામાં આવશે જેમાંથી 205ને આજીવન કેદની સજા અને અન્ય આઠ કેદીઓને ઓછી સજા આપવામાં આવી હતી.

.................

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

.............................................................................

## *SENSEX NOON*

શેરમાર્કેટના પ્રારંભે જ સેન્સેક્સ પહેલીવાર 80 હજારની સપાટી પર પહોંચી ગયો હતો... બપોર દરમિયાન તે 440 પોઈન્ટથી વધીને 79 હજાર 800ની સપાટી પર કારોબાર કરી રહ્યો હતો... નિફ્ટીએ પણ શરૂઆતના વેપારમાં નવી ઉંચી સપાટી બનાવી હતી, અને બપોરના વેપાર દરમિયાન 133 પોઈન્ટના વધારા સાથે 24 હજાર બસોની સપાટીને પાર કરી હતી..

.................

## *ISRAEL AIR STRIKE*

તુલકારમ શહેરમાં ગઈકાલે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ચાર પેલેસ્ટિનિયનના મોત થયા હતા. પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે

ઇઝરાયેલના જાસૂસી વિમાને નૂર શમ્સ શરણાર્થી શિબિરના મુખ્ય ચોકમાં યુવાનોના જૂથને મિસાઇલ વડે નિશાન બનાવ્યું હતું, જેમાં ચાર યુવાનો માર્યા ગયા હતા.

ઇઝરાયેલી સેનાએ એક નિવેદનમાં પુષ્ટિ કરી છે કે તેણે નૂર શમ્સ કેમ્પમાં હુમલો કર્યો હતો..

.................

## *BANGLADESH-INDIA CONTRIBUTION*

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ વર્ષ 1971માં બાંગ્લાદેશના મુક્તિ યુદ્ધમાં ભારતના યોગદાનને યાદ કર્યું હતું. બાંગ્લાદેશની સત્તાવાર મુલાકાતે ગયેલા ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી સાથેની ચર્ચા દરમિયાન શ્રીમતી હસીનાએ તે સમયના ભારતના યોગદાનની પ્રશંસા કરી હતી. ચર્ચા દરમિયાન નૌકાદળના વડાએ બાંગ્લાદેશના પ્રધાનમંત્રીને બંને દેશો વચ્ચે ચાલી રહેલી દ્વિપક્ષીય દરિયાઈ જોડાણોની પ્રગતિ વિશે માહિતગાર કર્યા હતા.

.................

## *FUR.-REV.-CHHATTISGARH-MAOISTS*

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં ગઈકાલે સુરક્ષા દળો સાથેની અથડામણમાં પાંચ માઓવાદીઓ માર્યા ગયા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક પ્રભાત કુમારે જણાવ્યું કે કોહકામેટા વિસ્તારમાં માઓવાદીઓની હાજરી વિશે માહિતી મળ્યા બાદ સ્થાનિક પોલીસ, સરહદ સુરક્ષા દળ અને ITBPની સંયુક્ત ટુકડીએ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. માઓવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલા સામસામા ગોળીબારમાં પાંચ માઓવાદી માર્યા ગયા હતા. દરમિયાન, સુરક્ષા

દળોએ રાજ્યના સુકમા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી નવ માઓવાદીઓની ધરપકડ કરી છે. આ સિવાય સુકમા જિલ્લામાં એક મહિલા સહિત બે માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

.................

# *HUNGRY-UKRAINE*

હંગેરીના પ્રધાનમંત્રી વિક્ટર ઓર્બને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીને રશિયા સાથે શાંતિ વાટાઘાટો ઝડપી બનાવવા યુદ્ધવિરામ પર વિચાર કરવા અપીલ કરી છે. યુરોપિયન યુનિયનના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી વિક્ટર ઓર્બને યુક્રેનની મુલાકાતે છે.

તેમણે જણાવ્યું હતું કે 2022 માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ ચાલી રહેલા યુદ્ધનો અંત લાવીને જ બંને દેશો વચ્ચેની વાતચીતને વેગ આપી શકાય છે. મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ શ્રી ઓર્બન સાથે શાંતિ હાંસલ કરવાના માર્ગો વિશે ખુલ્લી અને રચનાત્મક ચર્ચાની સાથે યુક્રેનમાં રહેતા હંગેરિયન મૂળના એક લાખ લોકોના મુદ્દા સહિત અનેક દ્વિપક્ષીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હોવાનું યુક્રેનના વિદેશમંત્રી દિમિત્રો કુલેબાએ જણાવ્યું હતું.

.................

# *TEAM INDIA T 20*

ટી 20 વિશ્વકપ જીતનારી ભારતીય ટીમને બાર્બાડોસથી સ્વદેશ પરત ફરવામાં વિલંબ થશે. હવે તેઓ ગુરુવારે સવારે નવી દિલ્હી પહોંચે તેવી સંભાવના છે.

ભારતીય ટીમ આજે સવારે 11 વાગે બાર્બાડોસથી રવાના થવાની હતી પણ ચક્રવાતી તોફાન બેરિલને કારણે વિલંબ થયો છે. ટીમ બ્રિજટાઉનથી સીધી દિલ્હી પહોંચે તેવી સંભાવના

છે. સ્વદેશ પરત ફર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટીમનાં સભ્યોનું સન્માન કરશે. જો કે આ કાર્યક્રમની હજુ સુધી પુષ્ટિ નથી થઈ.

.................

# *NATIONAL TEACHER AWARDS*

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2024 માટે પાત્રતા ધરાવતી શિક્ષકો પાસેથી અરજીઓ મંગાવી છે. અરજી સ્વીકારવાની અંતિમ તારીખ 15 જુલાઈ છે.

મંત્રાલયે જણાવ્યું છે કે, આ વર્ષે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ત્રણ તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા કુલ 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવશે. નવી દિલ્હીમાં પાંચ સપ્ટેમ્બરે શિક્ષક દિવસનાં રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવશે. પાત્રતા ધરાવતા શિક્ષકો શિક્ષણ મંત્રાલયના પોર્ટલ પર www.નેશનલએવોર્ડસ ટુ ટિચર્સ એજ્યુકેશન ડોટ gov.in પર પોતાની અરજીઓ મોકલી શકે છે.

.................